દિલ્હી ગેંગ રેપ મામલે આરોપીઓને ફાંસી આપવા માંગ

નવી દિલ્હી, તા.૧૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચાલતી બસમાં મેડિકલની વિદ્યાર્થિની પર સામુહિક બળાત્કારના મામલાએ આજે સમગ્ર સંસદને હચમચાવી મુક્યુ હતુ અને આ મામલાની ગુંજ જોવા મળી હતી. સમગ્ર સંસદના સંભ્યો એક મત દેખાયા હતા અને નારાજગી વ્યક્ત કરીને દોષિતોની સામે કઠોર કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી. લોકસભામાં શૂન્ય કલાક દરમિયાન વાત કરતા લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે આવા ગુનાઓના દોષિતો માટે મૃત્યુદંડની સજાની માંગણી કરી હતી અને કહ્યુ હતુ કે બળાત્કારીઓને ફાંસી થવી જોઈએ. સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે આવા બનાવોને વખોડવા માટે કોઈ શબ્દો નથી. ભોગ બનેલી મહિલા મૃત નથી કે જીવીત નથી. જો ભોગ બનેલી યુવતિના ઘા ભરાઈ જશે તો પણ જીવીત મૃત સમાન બની જશે. માનસિકરીતે તકલીફમાંથી તે બહાર આવી શકશે નહીં અને તેની લાઈફ

બસ સ્ટોપ કે જયાંથી વિદ્યાર્થીનીનું અપહરણ થયું હતું

બીજીબાજુ આ સમગ્ર મામલાની આજે જોરદાર નોંધ લેવામાં આવી હતી. મોટાભાગના સભ્યો કઠોર પગલા લેવાની માંગણી કરી હતી. સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે આ બનાવ મોડી રાતનો પણ નથી. રાત્રે ૯.૩૦ વાગ્યે આ બનાવ બન્યો હતો. યુવતિ હોસ્પિટલમાં દાખલ છે. અમને આ વાતની પણ જાણ નથી કે તે જીવીત રહેશે કે નહીં. દિલ્હીમાં દર બીજા દિવસે આ પ્રકારની ઘટનાઓ બની રહી છે. બીજીબાજુ રાજયસભામાં બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ પણ કહ્યુ હતુ કે કાયદાને વધુ કઠોર બનાવવાની જરૂર છે. સરકારને ખુબજ કઠોર કાયદો બનાવવો જોઈએ. દિલ્હી રાષ્ટ્રીય પાટનગર છે પરંતુ દરરોજ આ પ્રકારની ઘટનાઓ બને છે. મહિલાઓ અને બાળકો આવી ઘટનાઓના શિકાર બની રહ્યા છે. દિલ્હી પોલીસે આરોપીઓને પકડી પાડ્યા છે પરંતુ માત્ર પકડી પાડવાથી કામ ચાલશે નહીં. કોંગ્રેસના રેણુકા ચૌધરીએ કહ્યુ હતુ કે આ બનાવ અમારી સામાજિક ચેતના પર કલંક છે.

આ આક્ષેપ-પ્રતિઆક્ષેપનો સમય નથી. બીજીબાજુ કોંગ્રેસના ગીરજા વ્યાસે કહ્યુ હતુ કે બસમાં અને કારમાં આ પ્રકારની ઘટનાઓ શરમજનક છે. પહેલા આવી બસોમાં એક કોન્સ્ટેબલ ફરજ બજાવતો હતો પરંતુ હવે બસમાં કોઈ સિક્યુરીટી રાખવામાં આવતી નથી. છેલ્લા ત્રણ વર્ષમાં દિલ્હીમાં પોલીસ પેટ્રોલીંગ નથી. પોલીસ તકેદારી પણ નથી. દિલ્હીમાં મહિલાઓ સુરક્ષિત દેખાઈ રહી નથી. વ્યાસે એમ પણ કહ્યુ હતુ કે જ્યારે કોઈ મહિલા મરે છે અથવા તો તેને મારવામાં આવે છે ત્યારે તે એક વખત મરે છે. પરંતુ બળાત્કારનો શિકાર થયેલી મહિલા દરરોજ મરે છે.

આ મામલાઓમાં દંડની પ્રક્રિયાને કઠોર બનાવવી જોઈએ. જ્યારે સંસદમાં ગેંગ રેપની ઘટના પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે બીજી બાજુ દિલ્હીની વિદ્યાર્થિનીઓએ શિલા દિક્ષીત સામે જોરદાર દેખાવ કર્યા હતા. દિલ્હીમાં મહિલાઓમાં શિલા દિક્ષીતને લઈને ભારે નારાજગી છે. દરમિયાન સંસદીય બાબતોના પ્રધાને ખાતરી આપી હતી કે સમગ્ર મામલામાં કઠોર પગલા લેવામાં આવશે. આ બનાવ રવિવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ દક્ષિણ દિલ્હીમાં બન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં ૨૦૧૨માં બળાત્કારના ૬૩૫ કેસ નોંધાઈ ચુકયા છે. અરવિંદ કેજરીવાલે પણ પ્રશ્ન કર્યો હતો. લોકસભાના અધ્યક્ષ મીરા કુમારે તરત કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

કેજરીવાલે પણ ગેંગ રેપ મામલે સરકારની ઝાટકણી કાઢી

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીમાં રવિવારની રાત્રે ચાલતી બસમાં ૨૨ વર્ષીય વિદ્યાર્થિની સાથે સામુહિક બળાત્કારને લઈને સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો આજે થયો હતો. આ મામલામાં આમઆદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે પણ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. કેજરીવાલે મહિલાઓની સાથે વધતી બળાત્કારની ઘટનાઓ માટે પોલીસ વહિવટી તંત્રની ઉદાસીનતાની ટિકા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે દિલ્હીમાં આ વર્ષે ૬૩૫ બળાત્કારની ઘટનાઓ થઈ છે. બળાત્કારના વધતા બનાવો અંગે અન્ય રાજકીય પક્ષો અને પોલીસ તંત્રની પણ ટિકા કરી હતી.

ઝી ન્યૂઝના એડિટરોને કોર્ટ દ્વારા જામીન આપી દેવાયા

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસના સાંસદ અને ઉદ્યોગપતિ નવીન જિંદાલને આવરી લેતા કોલગેટ કૌભાંડમાં શ્રેણીબદ્ધ ખુલાસાઓના સંબંધમાં કેસ મામલે આજે ઝી ન્યૂઝના એડિટર સુધિર ચૌધરી(ઝી ન્યૂઝ) અને સમિર આહલુવાલિયા(ઝી બિઝનેસ)ને જામીન આપી દીધા હતા. બંને એડિટરોએ ૧૦૦ કરોડની જાહેરાતના કરાર મારફતે કોલગેટની મિડિયા કવરેજને રોકવાના જિંદાલના પ્રયાસોનો ખુલાસો કર્યો હતો. આજની જાહેરાત બાદ ઝીના એડિટરોને રાહત થઈ છે. ઝી એડિટર માટેના વકીલ દ્વારા રજુઆત કરવામાં આવ્યા બાદ આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો. વર્તમાન કેસમાં એફઆઈઆર ખોટી અને બનાવટી ફરિયાદના આધાર પર કરવામાં આવી હતી. આ ફરિયાદ મુજબ ઝી ન્યૂઝ ચેનલ પર વાંધાજનક સામગ્રી પ્રસારીત કરવામાં આવી હતી. વકીલે કોર્ટ સમક્ષ રજુઆત કરી હતી કે ઘણી બધી બાબતો ખોટી સાબિત થઈ છે. ઝી ન્યૂઝ એડિટરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો હતો. આ સમગ્ર મામલાના કારણે કોંગ્રેસના સાંસદ અને ઉદ્યોગપતિ નવીન જિંદાલ પણ વિવાદના ઘેરામાં આવ્યા હતા. નવીન જિંદાલે પણ ગંભીરપ્રકારના આક્ષેપો કર્યા હતા અને કહ્યુ હતુ કે તેમને હેરાન કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલાએ દેશભરમાં ભારે ચકચાર જગાવી હતી.

રિઝર્વ બેંકે તમામ ચાવીરૂપ પોલીસી રેટ યથાવત રાખવાનો કરેલો નિર્ણય

મુંબઈ, તા. ૧૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે તેની મધ્ય ત્રિમાસીક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરી હતી જેમાં ધારણા પ્રમાણે જ રિઝર્વ બેંકે તમામ ચાવીરૂપ પોલીસી રેટ યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો છે જેથી લોન લેનારાઓને કોઈ પણ પ્રકારની રાહત મળી નથી. સાથે સાથે બજાર માટે પણ આરબીઆઈના પગલાં નિરાશા જનક રહ્યા છે. બજારમાં એવી અપેક્ષા હતી કે વ્યાજદરમાં નજીવો ઘટાડો કરવામાં આવશે પરંતુ આરબીઆઈએ રેટ યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો છે. વ્યાજદર ખૂબ ઊંચા હોવાના કારણે લોન પણ ખૂબ મોંઘી છે. રેપો રેટ હાલમાં ૮ ટકા ઉપર છે જેથી ઊંચા વ્યાજદરની વ્યવસ્થા અમલમાં છે. નબળા ઓદ્યોગિક વિકાસદરનું કારણ આપીને વ્યાજદર યથાવત્ રાખવામાં આવ્યો છે. જ્યારે રિવર્સ રેપોરેટ સાત ટકાના દરે યથાવત્ રાખવામાં આવ્યો છે. રેપોરેટ એ દર છે જે દરમાં આરબીઆઈ બેંકોને નાણાં આપે છે. રિઝર્વ બેંકે સીઆરઆરમાં પણ કોઈ ફેરફાર કર્યો નથી. સીઆરઆર ૪.૨૫ ટકાના દરે યથાવત્ રાખવામાં આવ્યો છે. સીઆરઆર થાપણનો એ હિસ્સો છે જે આરબીઆઈ સમક્ષ રાખવામાં આવે છે. નવેમ્બર મહિનામાં ફુગાવો અગાઉના મહિનામાં ૭.૪૫ ટકાથી ઘટીને ૭.૨૪ ટકા થઈ ગયો હતો અને ફુગાવો ૧૦ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો જેથી એવી આસા જાગી હતી કે આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરશે. વિકાસનને પ્રોત્સાહન આપવા માટે વ્યાજદરમાં કાપ મૂકાશે પરંતુ રેટ યથાવત્ રાખવામાં આવ્યા છે. બીજી બાજુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસદર એક વર્ષ અગાઉના આ જ ગાળામાં ૭.૩ ટકાની સામે ઘટીને ૫.૪ ટકા થયો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં વિકાસદર ઘટીને ૬.૫ ટકા થયો છે જે નવ વર્ષની નીચી સપાટી છે. આરબીઆઈએ તેની પોલીસીમાં વિકાસ તરફ મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ફુગાવો ઘટે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર અને બિઝનેસ સમુદાય દ્વારા રેટમાં કાપ મૂવાની વાત કરવામાં આવી રહી હતી. આની બિલકુલ વિરુદ્ધમાં આરબીઆઈએ રેટમાં કોઈપણ ફેરફાર કર્યો નથી. આરબીઆઈએ એપ્રિલ મહિનામાં છેલ્લે પોલીસી રેટમાં ઘટાડો કર્યો હતો. રેપોરેટ આઠ ટકા અને સીઆરઆર ૪.૨૫ ટકાના દરે યથાવત્ રાખવામાં આવ્યો છે. સીઆરઆર ૧૯૭૪ બાદથી સૌથી નીચી સપાટી ઉપર છે.

શિવાજી પાર્કમાંથી ઠાકરે મેમોરિયલ અંતે ખસેડાયું

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્ર સરકાર સાથે શિવાજી પાર્કમાં બાલ ઠાકરેના મેમોરિયલને લઈને ચાલી રહેલી ખેંચતાણનો અંત આવી ગયો છે. શિવસેનાએ આખરે શિવાજી પાર્કમાંથી બાલ ઠાકરે મેમોરિયલને ખસેડી લેતા સરકારને પણ રાહત થઈ છે. આજે વહેલી સવારે મેમોરિયલને ખસેડી લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ શિવસેનાના કાર્યકરોએ ગઈકાલે મોડી રાત્રે મેમોરિયલને શિફ્ટીંગની પ્રક્રિયા હાથ ધરી હતી જે આજે સવારે પૂરી થઈ હતી. પક્ષના વરિષ્ઠ નેતા રાહુલ સેવાલયે કહ્યું હતું કે આજે સવારે આ પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. અમે બાલા સાહેબ ઠાકરેની અસ્તીઓ સાથે સંકળાયેલી ચીજવસ્તુઓ હટાવી ચૂક્યા છીએ અને અંતિમ સસ્કારના સ્થળને ખાલી ચૂક્યા છીએ. પાર્ટીએ અગાઉ મેમોરિયલ ઉપર ભાર મૂક્યો હતો અને કામચલાઉ માળખાને ખસેડવાનો ઈન્કાર કર્યો હતો. બાલ ઠાકરેના ગયા મહિના આ જગ્યાએ અંતિમ

સંસ્કાર કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારે શિવસેનાને ચેતવણી આપતા કહ્યું હતું કે શિવાજી પાર્કમાંથી કામચલાઉ મેમોરિયલને ખસેડી લેવામાં આવે. જો એમ કરવામાં આવશે નહીં તો બળજબરી પૂર્વકના પગલાં લેવામાં આવશે. શિવસેનાને બીએમસી દ્વારા નોટિસ પણ આપવામાં આવી હતી. મેમોરિયલને હવે અન્ય કોઈ જગ્યાએ શિફ્ટ કરવામાં આવશે. આના માટે યોગ્ય જગ્યા શોધી કાઢવા બીએમસી સાથે પક્ષની વાતચીત ચાલી રહી છે. ગયા ગુરુવારે પક્ષે તેના મુખપત્ર સામનામાં કહ્યું હતું કે શિવાજી પાર્કની બહાર કોઈ જગ્યાએ મેમોરીયલને ખસેડી લેવામાં આવશે.

ગોવામાં મેડિકલ કોલેજમાં ભીષણ આગથી ભાગદોડ

પણજી, તા.૧૮

ગોવા મેડિકલ કોલેજમાં આજે ભીષણ આગ ફાટી નીકળી હતી જો કે સદનસીબે કોઈ પણ જાનહાની થઈ ન હતી. ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના આઉટ પેસેન્ટ ડિપાર્ટમેન્ટ (ઓપીડી)માં આ આગ ફાટી નીકળ્યા બાદ ઝડપથી આ આગ અન્યત્ર ફેલાઈ ગઈ હતી.

આજે સવારે ઈમારતમાં આગ ફાટી નીકળ્યા બાદ તબીબી સેવા થોડાક સમય માટે તરત જ બંધ કરી દેવામાં આવી હતી. સૂત્રોએ કહ્યુ છે કે ગોવા એન્ટીબાયોટીક ફાર્માસિટિકલ્સ લિમિટેડની ફાર્મસીમાં ઓપીડી બ્લોકના ગ્રાઉન્ડ ફ્લોર પર આગ ફાટી નીકળી હતી અને આ આગ ઝડપથી અન્ય જગ્યાએ ફેલાઈ ગઈ હતી જો કે આમાં કોઈને પણ નુકસાન થયુ નથી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે જીએપીએલ ફાર્માસી સ્ટોર રૂમમાં આગની શરૂઆત થઈ હતી અને તરત જ ફાયર ટેન્ડરોને જાણ કરવામાં આવી હતી જો કે આગ ઝડપથી ઓપીડી સેન્ટરમાં ફેલાઈ ગઈ હતી જેથી આના કારણે સાવચેતીના પગલારૂપે ઓપીડી સેવા બંધ કરવામાં આવી હતી.

વિકાસને પ્રોત્સાહન આપવા વ્યાજદરમાં કાપ ખૂબ જરૂરી

નવી દિલ્હી, તા.૧૮

આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ આજે રિઝર્વ બેંકની મધ્યત્રિમાસિક સમીક્ષા અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતુ કે વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તે જરૂરી છે. આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા વ્યાજદરમાં ઘટાડો કરવાની આયોજન પંચે તરફેણ કરી હતી. વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૫.૪ ટકાનો નબળો આર્થિક વિકાસદર રહ્યા બાદ વ્યાજદરમાં ઘટાડો કરવાની વાત કરવામાં આવી છે. આયોજન પેનલના નાયબ અધ્યક્ષ આહલુવાલિયાએ કહ્યુ હતુ કે ઘણા સમયથી વ્યાજદરને ઘટાડવા માટે પગલાની જરૂર છે. આરબીઆઈ દ્વારા પણ સ્વતંત્રરીતે પણ જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે પરંતુ હજુ સુધી વ્યાજદરમાં કાપ મુકી શકાયો નથી. વ્યાજદરના મામલે રિઝર્વ બેંકને સંપૂર્ણ સ્વતંત્રતા છે. આરબીઆઈએ આજે જારી કરવામાં આવેલી તેની નીતિ સમીક્ષામાં તમામ ચાવીરૂપ રેટ અને રેશિયોને યથાવત રાખ્યા હતા. વિકાસમાં ઘટાડો નીચી સપાટીએ પહોંચ્યો છે. મધ્યવર્ષીય આર્થિક સમીક્ષામાં ગઈકાલે જણાવાયુ હતુ કે આર્થિક વિકાસદરનો અંદાજ ૫.૩થી ૫.૯ ટકા રહી શકે છે. માર્ચ મહિનામાં નાણાં મંત્રાલયે કહ્યુ હતુ કે વર્તમાન વર્ષના વિકાસદર ૭.૬ ટકા રહી શકે છે. રેપો રેટના મામલે આહલુવાલિયાએ કહ્યુ હતુ કે તેઓ પોતે માને છે કે આમા ઘટાડો કરવામાં આવે તે જરૂરી છે. સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરના પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવા તમામ પગલા લઈ રહી છે. જો નાણાંની બાબત સરળરીતે આવશે નહીં તો આ પગલા ઘણા જટિલ બની જશે.

જમ્મુ પાસે બસ ખીણમાં ખાબકી જતા ૧૦ના મોત

શ્રીનગર, તા.૧૮

જમ્મુ નજીક એક મીની બસ ખીણમાં ખાબકી જતા ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને અન્ય છ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના રેસી જિલ્લામાં આ બનાવ બન્યો હતો. પોલીસે આ સંબંધમાં માહિતી આપતા કહ્યુ છે કે ૧૬ લોકો સાથે આ મીની બસ માહોરેથી જમ્મુ તરફ જઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. જમ્મુથી આશરે ૧૫૦ કિલોમિટરના અંતરે માલાઈ ખાતે ૫૦૦ ફૂટ ઉંડી ખીણમાં આ મીની બસ ખાબકી ગઈ હતી. પોલીસે કહ્યુ છે કે બસના ડ્રાઈવર સહિત ૧૦ લોકોના મોત થયા છે અને અન્ય છ લોકો ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને રેસી સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા છે જ્યાં ચારની હાલત વધારે ગંભીર જણાવવામાં આવી છે.

પોલીસ અધિકારીએ કહ્યુ છેકે મીની બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા આ બનાવ બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રવિવારે ડોડા જિલ્લામાં આવા જ એક બનાવમાં આઠ લોકોના મોત થયા હતા. જમ્મુ કાશ્મીરના પહાડી માર્ગોને ખુબજ ખરતનાક અને અકસ્માત ગ્રસ્ત તરીકે ગણવામાં આવે છે. અહીં વારંવાર અકસ્માતમાં મોટી સંખ્યામાં લોકોના મોત થઈ જાય છે. આ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોની ઓળખ કરવામાં આવી નથી પરંતુ ઓળખવિધિ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

તાતા સન્સ દ્વારા સાયરસ મિસ્ત્રીની ચેરમેન તરીકે પસંદગી

તાતા સન્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે રતન તાતાને ટાઈટલ ઓફ ચેરમેન ઈમેરીટસથી સન્માનિત કર્યા હતા. રતન તાતા ૨૮મી ડિસેમ્બરના દિવસે નિવૃત્ત થઈ રહ્યા છે. બોર્ડે બોર્ડના ચેરમેન તરીકે સાયરસ મિસ્ત્રીની નિમણૂંક કરવાની પણ વિધિવત જાહેરાત કરી હતી. વર્ષ ૨૦૦૬થી તાતા સન્સના બોર્ડમાં સેવા અદા કરી રહેલા મિસ્ત્રી નવેમ્બર ૨૦૧૧માં તાતાના અનુગામી તરીકે નિમાયા હતા. તાતા ૧૯૯૧થી ચેરમેન તરીકે હતા. છેલ્લા થોડાક મહિનાથી મિસ્ત્રીને તાતા કંપનીઓ પૈકીની ઘણીમાં બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા. ગયા મહિનામાં જ સાયરસ મિસ્ત્રીને ઈન્ડિયન હોટલ્સ કંપનીના બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા કારણ કે બોર્ડ ઓફ તાતા ગ્લોબલમાંથી તાતાએ રાજીનામુ આપ્યુ હતુ.

ધોની ટીમ ઇન્ડિયાને હજુ પણ સફળતા અપાવી શકે : દ્રવિડ

નવી દિલ્હી, તા.૧૮

ભારતીય કેપ્ટન તરીકે મહેન્દ્રસિંહ ધોનીની હકાલપટ્ટી કરવાની માંગ દિનપ્રતિદિન વધી રહી છે. પરંતુ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રાહુલ દ્રવિડ માને છે કે મહેન્દ્રસિંહ ધોની જ ટીમ ઈન્ડિયાને વધુ સફળતા તરફ આગળ વધારી શકે છે. દ્રવિડ માને છે કે ટીમ ઈન્ડિયા પાસે હાલમાં ધોનીના વિકલ્પ તરીકે કોઈ ખેલાડી નથી. રાહુલ દ્રવિડે કહ્યુ છે કે હાલના સમયમાં તે ધોનીની ગેરહાજરીમાં કોઈ યોગ્ય કેપ્ટન જોતો નથી. જો ધોની વધુ ઉત્સાહ અને વ્યૂહરચના સાથે આગળ વધશે તો તેને ચોક્કસ સફળતા મળશે. રાહુલ દ્રવિડે એમ પણ કહ્યુ હતુ કે હાલમાં ભારતીય ખેલાડીઓ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. ભારતીય ક્રિકેટને નવી ઉંચાઈ ઉપર લઈ જવાની જરૂર છે. આ શ્રેણીમાં ધોનીની કેપ્ટનશીપ સામે ઘણા પ્રશ્નો થયા છે. સુનિલ ગાવાસ્કર અને કે

શ્રિકાંત જેવા પૂર્વ ભારતીય કેપ્ટનો પણ માનવા લાગ્યા છે કે ધોનીને કેપ્ટન તરીકે દૂર કરવાનો સમય આવી ગયો છે. ભારતે હાલમાં જ ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે ૧-૨થી શ્રેણી ગુમાવી દીધી છે. ઈંગ્લેન્ડ સામે ૨૮ વર્ષના લાંબા ગાળા બાદ ટીમ ઈન્ડિયાની હાર થઈ છે. ટીમ ઈન્ડિયાના અન્ય એક ખેલાડીના ભાવિ અંગે પ્રશ્નો થઈ રહ્યા છે તેમા સચિન તેન્ડુલકરનો સમાવેશ થાય છે. દ્રવિડનું કહેવું છે કે સચિન તેન્ડુલકરે પણ નિરાશાજનક દેખાવ કર્યા બાદ આત્મ નિરિક્ષણ કર્યા બાદ નિવૃત્તિ લઈ લેવી જોઈએ. સચિન તેન્ડુલકર લાંબા સમય સુધી ટીમ ઈન્ડિયાની સેવામાં રહ્યો છે. તે એક મહાન ખેલાડી છે. આ ગાળો તેના માટે મુશ્કેલરૂપ સાબિત થયો છે. લોકોએ તેના નિર્ણયની બાબત તેના પર છોડી દેવી જોઈએ. રાહુલ દ્રવિડનું કહેવું છે કે સચિને પોતે તેના અંગે વિચારવું જોઈએ. જ્યારે ભારત વિદેશમાં રમે છે ત્યારે કેટલાક ખેલાડીઓ હંમેશા સારા ફોર્મમાં રહ્યા છે. દ્રવિડે અન્ય શ્રેણીબદ્ધ મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. ભૂતપૂર્વ આધારભૂત બેટ્સમેનનું કહેવું છે કે દરેક ખેલાડીએ શ્રેષ્ઠ રમત દર્શાવીને ટીમ ઈન્ડિયાને વધુ સફળતા અપાવવાના પ્રયાસો કરવા જ જોઈએ.

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૨ નું ચાલુ)

કોઈ આપણને ટિકીટ નહી આપીને અપમાનિત કરે કે સંન્યાસ લેવડાવી અપક્ષમાં ફેંકી દે એ કરતાં આપણી મર્યાદા જાણી જાતે જ ખસી જવા જેવી મહત્ત્વની વાતો આ લોકો કેમ નહીં જાણતાં હોય? મમતાબેને વાતને આજનાં મતદાનમાં અર્થમાંય લંબાવી દીધી!!

સચિન તેંડુલકર ખુદ હવે પોતાની કારકિર્દી વધુ ખેંચાવા માંગતો નથી. આ નિવૃત્તિ કયારે જાહેર કરવી તેને લઈને સચિન દ્વિધામાં છે. એ ટીમ માટે બોજ બનવા માંગતો નથી. આ વિશે એણે ભાઈ અજીત અને પત્ની અંજલી સાથે પણ ચર્ચા કરી લીધી છે. જો સચિન અત્યારે નિવૃત્તિ લે તો નબળા ફોર્મથી કંટાળીને ક્રિકેટને અલવિદા કરવું પડ્યું એવું ઈતિહાસમાં નોંધાશે એનાં કરતાં એકાદ મોટી ઈનિંગ રમી માનભેર નિવૃત્તિ લેવી વધુ યોગ્ય છે. એવો વિચાર શર્માજીએ રજૂ કર્યો અને કીધું કે આ રાજકારણમાંય એવું જ છે, મંત્રી બન્યા, લાલ લાઈટવાળી ગાડી ફેરવી, ગાંધીનગરમાં ૩૩૦ મીટર બંગલો મળ્યો પછી જો ધરાઈ જતાં હોય તો ઠીક નહીં તો પછી એકાદી ભૂલથી અપમાન, અદાલત કે કારાવાસ સુધી પહોંચાય જવાય એ કરતાં માનભેર ખસી જવામાં જ મજા છે!!

સચિનનો પ્રોબ્લેમ એ છે કે તેનું હૃદય હજુ રમવાની સલાહ આપે છે અને એનાં પગ સાથ આપતાં નથી. સચિન એક વાત ભૂલે છે કે હવે હવે બે-ચાર મેચ રમશે તેનાથી બહુ મોટો ફરક નહી પડે. એ પાંચ સદી મારશે કે પાંચ વાર શૂન્યમાં આઉટ થશે તોય તે, લિજેન્ડ તરીકે જ ઓળખાશે, હવે સચિનની આવી હાલત જોવાતી નથી, એણે તો વર્લ્ડ કપ જીત્યા બાદ જ નિવૃત્તિ લઈ લેવી જોઈતી હતી, ક્રિકેટનાં સાચા ચાહક બિપીન જોષીએ મંતવ્ય આપ્યું.

સચિવ, ક્રિકેટ અને રાજકારણની આ ચર્ચામાં એક જ વાત મહત્ત્વની હતી નિવૃત્તિ... દરેક વ્યક્તિને કોઈક એક ક્ષણે આવો નિર્ણય લેવો જ પડતો હોય છે. સતત મારૂં, મારૂં કરી ભેગું કરો એ એક દિવસ તમને કોઈ સાઈડમાં કરે કે નિવૃત્ત કરી દે, અપમાનીત કરે એવી ક્ષણની રાહ શું કામ જોવી? પરિવર્તન સંસારનો નિયમ છે, તમે કોઈકની જગ્યા લીધી છે તો તમારે કોકને જગ્યા આપવી જ પડે, માત્ર કેવી રીતે માનપૂર્વક કે અપમાનીત થઈ નિવૃત્તિ લેવી એ તમારાં હાથમાં છે!

ચૂંટલો :

સચિન કે સોનિયા, અમિતાભ કે અડવાણી લોકો જયારે તમારી નિવૃત્તિની ચર્ચા કરે એ જગ્યાએ તમે સામેથી જ નિવૃત્ત થઈ જાવ અને એમ વિચારે કે હજી બે-ચાર વર્ષ બાદ નિવૃત્ત થયાં હોત તો સારૂં થાત, ત્યારે સમજવું કે તમે સમયસર જ નિવૃત્ત થયાં છો, માનભેર.

નવાં ક્લેવર (પાના નં. ૨ નું ચાલુ)

સરપંચ મંગળભાઈ ગયેલા કે ઉમીયાશંકર જરૂર કોઈ અગત્યના કામે અહીં આવ્યો છે. તેથી તે બાપ-દીકરાને બેઠક રૂમમાં એકલા મુકી અંદરનાં રૂમમાં જતા રહ્યાં. મોકો જોઈને મહારાજે કહ્યું. 'બેટા તારે કાલે જવાનું છે ને! મેં તને કહેલું તો ખરૂં કે પૈસા મોકલી દઈશ. તારે અહીં આવવાની શી જરૂર હતી.'

'ના, બાપુજી હું પૈસા લેવા નથી આવ્યો.' ઉમીયાશંકરે કહ્યું.

હવે મહારાજને ચિંતા થઈ કે ઘેર કંઈ બખેડો તો થયો નથી ને? તેથી એકદમ પૂછ્યું. 'તો પછી એવું તે શું થઈ ગયું કે તારે તાત્કાલિક અહીં આવવું પડ્યું.'

'એવું કંઈ નથી.' ઉમીયાશંકરે શાંતિથી જવાબ દીધો.

'આપણા શહેરમાં શ્રી શ્રી ૧૦૮ શ્રી આત્માનંદજી આવેલા છે એ તો તમે જાણતા જ હશો.'

'હાં, મહારાજે કહ્યું.' ગઈ કાલે તે આવવાના છે એની પત્રિકાઓ અહીં ગામમાં વહેંચાઈ છે. દિવાલો ઉપર પોસ્ટર પણ લગાવ્યાં છે. પણ તેમાં તારે શું છે.'

'તેમનું પ્રવચન કર્ણાવતી કલબમાં છે ત્યાં ગઈ કાલે હું ગયો હતો...'

'ગયો તો શું થયું?' મહારાજે તેની વાત કાપતાં ખિસ્સામાંથી પૈસા કાઢી તેને આપતાં બોલ્યા. 'આ બે રૂપિયા અને ઘરે જઈ જવાની તૈયારી કર.'

રૂપિયા હાથમાં લઈ ઉમીયાશંકરે કહ્યું, 'પણ મારી વાત તો સાંભળો...'

'હાં બોલ શું છે?' મહારાજે કમને પૂછ્યું.

'મેં શ્રી આત્માનંદજીને મુંબઈમાં જોયા હતા. મેં અહીં પણ જોયું કે તેમના ટેંટ લગાવવાવાળા મુંબઈમાં હતા. એ જ અહીં પણ છે. અમુક વળી પોતપોતાની દુકાનો કરી પુસ્તકો અને ફોટા, કેસેટો ને સી.ડી.ઓ વેચે છે, એ લોકો પણ મુંબઈમાં હતા એ જ છે. મને જરા શંકા પડી તેથી મેં આજુબાજુ તપાસ કરી.' ઉમીયાશંકરે એક શ્વાસે પોતાની વાત રજૂ કરી.

'તો એમાં શું થયું?' મહારાજે કહ્યું.

મને જાણવા મળ્યું કે શ્રી આત્માનંદજી એ અહીં દસ દિવસ પ્રવચન કરવાના બે લાખ રૂપિયા લીધા છે. વળી ટેંટવાળા અને પુસ્તકો વેચવાવાળા લોકો પણ એમનાં છે. તેમનો પણ કોન્ટ્રાકટ છે. એ રીતે તે અહીંથી અઢી ત્રણ લાખ કમાઈને જવાના. જે ચડાવો આવશે તે આયોજકોને મળશે.' ઉમીયાશંકરે વાત આગળ વધારી.

'એમાં નવું શું છે.' શિવરામ મહારાજ બોલ્યા. 'મોટા ભાગના કથાકારો અને ઉપદેશકો એમ જ કરે છે. આ તેમનો ધંધો છે.'

'આજ એક નવી વાત બની.' ઉમીયાશંકરે વાત આગળ વધારી.

'શું?'

સ્વામીજી એ પોતાના દીકરાને પણ આ કામમાં લગાવી દીધો છે. આજે તેમનાં દીકરા મુક્તાનંદે પણ પ્રવચન આપ્યું. તે પોતાના દીકરાને એ રીતે આગળ લાવી રહ્યાં છે.

'તો?' કહેતા શિવરામ મહારાજ ઉમીયાશંકરના ચહેરાની સામે જોઈ રહ્યાં.

'તો શું?' હું તમારી પાસે ક્ષમા માગવા આવ્યો છું. હવે હું કોઈ કંપનીમાં ઈન્ટરવ્યુ આપવા નહીં જાઉં. આ ધર્મનો બિઝનેસ એટલા વિસ્તૃત છે કે ગમે ત્યાં ધુમધડાકા સાથે ચાલી શકે છે તો પછી હું બહાર જઈ શું કામ જાખ મારૂં? હું તો આજથી જ તમારી દેખરેખ હેઠળ કામ શરૂ કરવા માંગુ છું.'

શિવરામ મહારાજે હવામાં હાથ જોડી ઈશ્વરનો આભાર માન્યો.

- vanvihari@gmail.com